સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

હવે અંબાણી થશે ઉંચા, ગરીબો ઠેલાઈ જશે!
હવે ધમકી ને ફૂટનો ફીવર ફેલાઈ જશે!
હવે મેલાઈ જશે બધી મર્યાદા લોકશાહીની -
હવે કટ્ટર હિંદુત્વનો જુગાર ખેલાઈ જશે!
(પરિણામ ના પડઘા)

હાઈકુ

ખોટી સલાહે
ને જેટલી રવાડે
ફસાઈ ગયા!

કૌભાંડ ખાડે
અર્થતંત્ર ભવાડે
ચઢ્યા ઉકેડે...

ચિંતન

ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।

ઉપરોક્ત સૂત્ર જ્ઞાનસૂક્ષ્મમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાન જેવું પવિત્ર આ જગતમાં બીજું કશું નથી,.

સમ્યક્ - જ્ઞાન દ્વારા ઈષ્ટદેવની અને આત્માની અનૂભિત થાય છે.

જ્ઞાન અતિ પવિત્ર છે, પરંતુ જો જ્ઞાનનું અભિમાન કરવામાં આવે તો વ્યક્તિનું પતન થાય છે. જ્ઞાનરૂપી સર્વોત્તમ ઔષધિ જો સમજણમાં ઊતરે તો જ અન્યને આપી શકાય. જ્ઞાન સમુદ્ર જેવું અગાધ અને ઊંડું છે. જ્ઞાન ને પચાવવા માટે ચિંતન અને નિધિધ્યાસન જરૂરી છે. જ્ઞાનનું મૂળ પરિસ્થિતિના પૃથ્થકરણમાં અને માયાની સમજણમાં કહેલું છે. જો જ્ઞાન હોય અને જ્ઞાતાની એકરૂપતા હોય, ત્રણેય વચ્ચે સુભગ સમન્વય થાય તો આત્મા પરમાત્મા બની જાય છે! માટે જે જ્ઞાની હોય તેણે મોહ-માયા, રાગ-દ્વેષ, અહંકાર આદિ સંપૂર્ણપણે દૂર કરવાં જોઈએ.

સુવિચાર

- બે વિપરીતતાઓથી દેશ પાયમાલી ભોગવે છે,
  એક શિક્ષણમાં રાજકારણ થયું અને બીજું : રાજકારણમાં શિક્ષણ ઓછું - **ફેસબુક**
- રેખાઓમાં રહ્યા અડોઅડ બિંદુઓનો ફાળો, મંઝીલ બીજું કંઈ નથી,
  બસ પગલાંઓનો સરવાળો - **નવનીત**
- કૃષ્ણના મોંમાં બ્રહ્માંડ જોવા યશોદાની આંખ જોઈએ - **ગુણવંત શાહ**
- પાણીનો દુષ્કાળ એક વર્ષને અસર કરે છે,
  પરંતુ સંસ્કારનો દુષ્કાળ આખી પેઢીને અસર કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે મુડ ખરાબ હોય ત્યારે એક શબ્દ પણ ખરાબ ન બોલવો,
  કારણ કે મુડ સુધારવા માટે મોકો મળે છે પણ શબ્દ સુધારવા માટે મોકો નથી મળતો - **બી.કે. શિવાની**
- જગત ભલે ને સમજે, તું સમજી જા, તરવા માટેના બે હલેસા,
  એક 'નમી જા...' અને બીજું 'ખમી જા' - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : ત્રીકટુ ચૂર્ણ મધ સાથે બાળકોને આપવાથી કૃમિ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આપણે એકબીજાને સાંખી લઈએ છીએ. જયાં જયાં તમે સાંખી લેવાના ખ્યાલમાં જીવો છો ત્યાં ત્યાં તમે પીડા પામો છો. તેમજ તમારો સહસંબંધ પણ પીડાય છે. જયારે બીજાને સાંખી લેવામાં તમારી સ્વતંત્રતા અને તમારું સુખ લુંટાઈ જાય છે. પછી તો ચલાવી લેવાનો આ રોજિંદો કાર્યક્રમ બની જાય છે. જો તમે સામેની વ્યક્તિને સાંખી જ લેતા હોવ - ચલાવી જ લેતા હોવ તો તમને સસંબંધના સૌંદર્યની કેવી રીતે ખબર પડશે? મુલ્લા નસરૂદ્દીનની પત્ની મરણપથારીમાં હતી. ડૉકટરે મુલ્લાને બોલાવીને કહ્યું, 'તમારી પત્ની જીવે તેમ નથી. તેનો રોગ મટાડવો મારા હાથની વાત રહી નથી. માઠા સમાચાર સાંભળવા તમારે તૈયાર રહેવાનું છે. થવા કાળને તમારે સ્વીકારી લેવાનું છે. હવે સહન કરતાં પણ તમે શીખી લો.' મુલ્લાએ કહ્યું, 'ડૉકટર, તમે ચિંતા ન કરો, જો આટલા વર્ષો મેં તેની સાથે સહન કરી લીધું છે તો થોડા વધુ કલાકો સહન કરવામાં મને કોઈ વાંધો નથી.' ડૉકટરને પણ મનમાં થયું કે આ અજબ સંબંધમાં ખરેખર પતિ-પત્ની વચ્ચે સરસંબંધની ઘટના જ ઘટી નથી.

પરિવારવાદ અને જૂથવાદથી પીડાતી કોંગ્રેસ

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસ માટે 'અચ્છે દિન' ની શરુઆત જરૂર થઈ છે પરંતુ એની જૂની અને જાણીતી બિમારીએ જે ઉપાડો લીધો છે તે એના મોવડીમંડળ માટે શિરોવેદના બની રહેલ છે. આ બિમારી કોઈ આજકાલની નથી. નહેરુ યુગમાં જ એનાં બીજ વવાયા હતા અને ઈંદિરાકાળમાં એ પૂરબહાર ખીલી હતી. કેન્દ્રીય નેતાગીરીને પણ કાળક્રમે નીચેની કેડર અંદરોઅંદર લડતી ઝઘડતી રહે અને દરેક બાબતોની નિવેડો આણવા પોતાને જ હસ્તક્ષેપ કરવો પડે એ પદ્ધતિ ગમવા લાગી હશે. જૂથવાદ નામનો આ ભોરિંગ કોંગ્રેસમાં પ્રસરેલા આંતરિક વેરઝેરને વકરાવતો રહ્યો છે અને એથી હાઈકમાન્ડનું મહત્ત્વ પણ સતત વધતુ રહ્યું છે. વળી કોંગ્રેસ માટે ગાંધી-નહેરુ પરિવાર એ ઊર્જાનું અંતિમ કેન્દ્ર હોઈ મહત્ત્વના બધા જ નિર્ણયો એના પર જ છોડી દેવાની પ્રથા જ પડી ગઈ છે. મુખ્યમંત્રી પદ માટેનાં બીજાં તમામ માપદંડો માત્ર ઔપચારિકતા પૂરતા, કાર્યકર્તાઓ અને મતદારોને ફોસલાવવા - પટાવવા પૂરતા જ ખપમાં લેવાય છે. એક અગાઉથી લખી રાખેલી સ્ક્રીપ્ટ મુજબ નિરીક્ષકો આવે છે, ધારાસભ્યોનો ખાનગી અભિપ્રાય લેવાય છે અને છેવટે એક લીટીનો ઠરાવ કરી બધું કમઠાણ આટોપી લેવાય છે. અગાઉ નેતા નક્કી કરવાનો અધિકાર ઈંદિરા ગાંધી ભોગવતાં હતાં, પછી રાજીવ ગાંધીનો વારો આવ્યો. રાજીવ ગાંધીની હત્યા પછી વચ્ચેના ગાળામાં સોનિયા ગાંધીએ ખૂણો પાડ્યો ત્યારે પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહેલી. વડાપ્રધાન પી.વી. નરસિંહરાવને અર્જુનસિંહ જેવા પ્રખર ગાંધી પરિવાર ભક્ત સતત નડતા - કનડતા રહ્યા હતા. સોનિયા ગાંધીએ પાર્ટીની કમામ સંભાળી તે પછી કેન્દ્રમાં એક હથ્થુ શાસનનો અદ્દલ આજના મોદીયુગ જેવો જ સમયગાળો શરૂ થયો અને ડૉ. મનમોહનસિંહ જેવા પ્રખર અર્થશાસ્ત્રી રબર સ્ટેમ્પ વડાપ્રધાન બની રહ્યા હતા તે સર્વવિદિત છે. આખરે કોંગ્રેસ માત્ર 'પરિવાર પાર્ટી' છે. એવો લોકમત સરજાયો જેને લીધે પરિવારને સો જોજન છેટો રાખતા નરેન્દ્ર મોદી તરફ જબરદસ્ત આકર્ષણ સરજાયું અને ભારતીય જનતા પાર્ટીને કલ્પનાતીત વિજય સાંપડ્યો છે. પરંતુ પ્રજા પાસે જયારે, બીજો વિકલ્પ ન હોય ત્યારે એને ફરી ફરી એ જ જૂનો રાગ છેડવાની મજબૂરી સરજાતી હોય છે. મોદી શાસનની સરિયામ નિષ્ફળતાઓની પ્રતિક્રિયા સ્વરુપે હિંદી બેલ્ટનાં ત્રણ રાજયોમાં કોંગ્રેસનું પુનરાગમન શક્ય બન્યું છે. એ રીતે જોઈએ તો આ કોંગ્રેસના વિજય કરતાં સવિશેષ ભાજપની હાર છે. નેગેટિવ વોટિંગ પર સત્તા સ્થાને આવી ગયેલી કોંગ્રેસમાં એનો જૂનો અને જાણીતો જૂથબંધી વાળો રોગ વકર્યો છે. રાહુલ ગાંધીના આંગણામાં દડો છે, છતાં રાહુલ એમની જૂની અને જાણીતી અનિર્ણાયકતાના કેદી છે એટલે માતા સોનિયા ગાંધી અને ભગિની પ્રિયંકા એમની વહારે દોડ્યાં છે. ભાજપ માટે આ પરિવારવાદી પાર્ટી છે એનું પુરવાર કરવાની સોનેરી તક વધુ એક વાર સામેથી સાંપડી રહી છે. ત્રીજા મોરચાના નેતાઓને પણ કોંગ્રેસ સાથે સૌથી મોટો વાંધો હોય તો આ જ મુદ્દે છે કોંગ્રેસને બહુમતી લાવવી હશે તો ગઠબંધન કર્યા વગર છૂટકો નથી અને ગઠબંધન કરવા તૈયાર બેઠેલા પ્રાદેશિક નેતાઓની પહેલી શરત એ હશે કે તમે રાહુલ ગાંધીની નેતાગીરી નહીં સ્વીકારી શકી. બાકીની વાત પછી !

તકદીર ખરાબ હો તો ઊંટ પર બૈંઠે....

તકદીર ખરાબ હો તો ઊંટ પર બૈંઠે બૌને આદમી કે પૈર મેં ભી કુત્તા કાટ લે
- ગોડ તુસ્સી ગ્રેટ હો

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

ઈ.સ. ૨૦૦૮માં સલમાન ખાન અભિનીત 'ગોડ તુસ્સી ગ્રેટ હો' ખરેખર તો ઈ.સ. ૨૦૦૩માં આવેલી જીમ કેરીની સુપરહીટ હોલીવુડ ફિલ્મ 'બ્રુસ ઓલમાઈટી' ની નબળી આવૃત્તિ હતી.

રૂમી જાફરી અને યુનુસ સાજવાલ દ્વારા લિખીત (ઉઠાંતરી) આ ફિલ્મના સંવાદ રૂમી જાફરીએ જ લખ્યા હતા, અને તે પણ ઉઠાંતરી જેવા જ હતા. ફિલ્મમાં સલમાન ખાન જે ચેનલમાં કામ કરતો હોય છે, તે ટી.વી. ચેનલનો પટ્ટાવાલો સંજય મિશ્રા ઉપરોક્ત સંવાદ સલમાન ખાનની બદહાલ કિસ્મત પર બોલે છે. આપણે પણ આ કહેવતનો વારંવાર ઉપયોગ કરીએ છીએ જયારે, માણસને નસીબ સાથ નથી આપતું ત્યારે કહીએ છીએ કે 'ઊંટ પર બેઠેલા વ્યક્તિને પણ કૂતરું કરડી જાય છે.'

વસ્તુતઃ આ સંવાદનું મૂળ તો ભર્તૃહરિ વિરચિત નીતિશતકમાં પડેલું છે.

ખલ્વાટો દિવસેશ્વરસ્ય કિરણૈઃ સન્તાપિતો મસ્તકે
વાગ્છન્દેશમનાતપં વિધિવશાત્ તાલસ્ય મૂલં ગતઃ ।
તત્રાપ્યસ્ય મહાફલેન પતતા ભગ્નં સશબ્દં શિરઃ
પ્રાયો ગચ્છતિ યત્ર ભાગ્યરહિતસ્તત્રૈવ યાન્ત્યાપદઃ ॥

એક માણસને માથે ટાલ પડેલી હતી, સૂર્યનાં કિરણોથી માથું તપ્યું ત્યારે એ છાયાવાળા સ્થળની ઈચ્છાથી નસીબયોગે તાડના મૂળ આગળ ગયો. તો ત્યાં તાડનું મોટું ફળ પડવાથી તડાકાબંધ તેનું માથું ફૂટ્યું. ભાગ્યરહિત પુરુષ જયાં જાય ત્યાં જ પ્રાયઃ આપત્તિઓ આવી પડે છે.

ભર્તૃહરિ કૃત 'શતકચતુષ્ટસંગ્રહ' - નીતિ-શૃંગાર-વૈરાગ્ય-વિજ્ઞાન આ ચાર શતકની રચના કરીને આપણી પર બહુ મોટી કૃપા કરી છે. આ ગ્રંથમાં જીવનની પ્રત્યેક ક્ષણ માટે, સંસારના દરેક વ્યક્તિ માટે વિચાર મૌક્તિકોનો ખઝાનો સંગૃહિત છે.

વિચાર તો કરો ઈ.સ. પૂર્વે ૫૬-૫૭ માં ભર્તૃહરિ થઈ ગયા, આશરે આજથી ૨૫૦૦ વર્ષ પહેલા તેમણે જે અકાટ્ય સત્ય રજૂ કર્યા છે, તે આજે અને આવનારા હજારો વર્ષો સુધી પ્રસ્તુત જ રહેવાના છે, તેમાં કોઈ મીનમેખ નથી.

આપણે ઘણીવાર અનુભવ કર્યો છે કે, ખૂબ જ પ્રામાણિક પ્રયત્નો છતાં, અથાક્ પરિશ્રમ છતાં, સતત નિષ્ફળતા જ આપણા પક્ષે આવે છે, ત્યારે આપણી સમક્ષ નસીબ - દૈવ- ભાગ્યને દોષ દેવા સિવાય કોઈ ઉપાય બચતો નથી.

- jayuoza@gmail.com, Mo. 9898046488

નગરમાં રવિવારે ભીખુભાઈ વેગડા

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા કાર્યક્રમોમાં, કાર્યક્રમ 'વાર્તાવાચિકમ, કાવ્યપઠન અને તે અન્વયે વિચાર-વિમર્શ અને વિવેચન અંતર્ગત' તા. ૧૬-૧૨-૨૦૧૮ને રવિવારે, બપોરના ૧ થી ૪ દરમિયાન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિખંડ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે કવિ ડૉ. ભીખુ ભાઈ વેગડા (ધોળકા) સ્વરચિત કાવ્યોનું સ્વમુખે પઠન કરશે અને વાર્તાકાર દશરથભાઈ પરમાર (વિસનગર) પોતાની વાર્તાનું વાંચન કરશે અને ત્યારબાદ, આ રજૂ થયેલ કૃતિઓ અંગે પીઢ કવિઓ / લેખકો વિચાર-વિમર્શ કરી, સમીક્ષા-વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમમાં અચૂક પધારવા સભ્યો, સાહિત્યરસિકો ભાવકો અને મહાનુભાવોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● વિક્રમશીલા હિન્દી વિદ્યાપીઠ, ગાંધીનગર, ઈશીપુર, જિલ્લો ભાગલપુર, (બિહાર) દ્વારા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને ગુજરાતી / હિન્દી લેખક અને વ્યશનમુક્તિના પ્રણેતા ગુલાબચંદ એન. પટેલને તેમની સારસ્વત સાધના અને હિન્દીની સુદીર્ઘ સેવાઓ બદલ 'વિદ્યા વાચસ્પતિ' સારસ્વત સન્માનથી તા. ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ સન્માનવતામાં આવ્યા, જે સાહિત્યસભા જ નહીં, પરંતુ સમગ્ર નગર માટે એક ગૌરવપૂર્ણ બાબત લેખી શકાય. ગુલાબચંદ પટેલને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભકામનાઓ.

- muljibhaidadhi@gmail.com

વ્રજભાષા પાઠશાળાની અમૂર્ત સ્મૃતિ : કવિ શંભુદાન અયાચી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કવિઓની ઉજળી તથા ભાતીગળ પરંપરામાં ચારણ કવિઓનું એક વિશેષ સ્થાન રહ્યું છે. કંઠો પ કંઠ કહેવાતી વાતોનું પણ એક આગવું ઐતિહાસિક મૂલ્ય હોય છે. પેઢી દર પેઢી પિંગળ તથા ડિંગળની મનોહર સાહિત્ય રચનાઓ સંચરતી રહી છે. મેઘાણીએ 'ચારણો અને ચારણી સાહિત્ય' માં લખ્યું છે તેમ પિતાના લોહીના સંસ્કારો સાથેજ આવા અમૂલ્ય સાહિત્ય સંસ્કાર પેઢી દર પેઢી વિસ્તરતા રહેલા છે. પોતાને ઉત્તમ લાગે તેવો સ્વધર્મ બજાવવામાં આ કાવ્ય સંસ્કારનો વિવેકપૂર્ણ ઉપયોગ થયો છે. ઈતિહાસકાર કર્નલ ટોડે લખ્યું છે તેમ આવી મૌખિક પરંપરાની વાતોનું પણ એક ઐતહાસિક મૂલ્ય છે. ઈતિહાસની ખૂટતી કડી કેટલીક વખત આ સાહિત્યમાં મળે છે. નજીકના ભૂતકાળમાં કવિ દુલા ભાયા કાગ, રાજયકવિ શંકરદાનજી તથા વ્રજભાષા પાઠશાળાના છેલ્લા આચાર્ય શંભુદાનજી અયાચી આ ઉજળી પરંપરાના મહત્વના મણકા સમાન છે. તમામ કવિઓમાં ભૂજ (કચ્છ)ના શંભુદાનજી અયાચીનું એક આગવું સ્થાન છે. તે માટેનું ચોક્કસ કારણ પણ છે. શંભુદાનજીએ ઉત્તમ કાવ્ય રચનાઓ તો કરીજ. પરંતુ તેના ઉપરાંત કચ્છના રાજવીઓનો કડીબધ્ધ ઈતિહાસ ચોકસાઈ તથા નિષ્ઠાથી લખીને તેઓ આપણાં પર એક ઋણ ચડાવીને ગયા છે. શંભુદાનજીની આ સાહિત્ય સેવા કચ્છ માટે એક યશકલગી સમાન છે. જીવનની સંધ્યાએ 'કચ્છદર્શન' ગ્રંથ લખીને તેમણે જીવતરની સંધ્યામાં રૂડા રંગ પૂરેલા છે. કચ્છના રાજવી વિજયરાજજી બાવાની ઈચ્છાથી ભલે આ ગ્રંથ લખાયો હોય પરંતુ તેનો લાભ અનેક સાહિત્ય પ્રિય લોકો તેમજ ઈતિહાસવિદોને થયેલો છે. મા આશાપુરાના ચરણોમાં કવિએ આ સર્જન કાર્ય અર્પણ કરેલું છે. જગદંબામા પૂર્ણ શ્રધ્ધા કવિના શબ્દોમાં બળવત્તર થઈને પ્રગટી છે.

કુણ બીજો સમરો
વાટ ઓઘાટ વહંતે,
કુણ બીજો સમરો
રણે ચાચરે ચડંતે
કુણ બીજો સમરો
અલગ વાર અદેવી
કુણ બીજો સમરો
દેશ પરદેશ દેવી.
સમરું તુજ આદ્ય શક્તિ
વિણ કુણ ઈત વારા વિએ
સુરરાય વાર તું સારખી
આઈ વેગી આવિએ.

કવિઓ જન્મ ધારણ કરે છે. કવિઓનું નિર્માણ થતું નથી. આ એક સ્થાપિત થયેલી અનુભવજન્મ માન્યતા છે. આ માન્યતાથી જુદી રીતે કચ્છની વ્રજભાષા પાઠશાળામાં અનેક કવિઓનું નિર્માણ બસ્સો વર્ષના તેના ઉજળા ઈતિહાસમાં થયું છે તે અહોભાવ પ્રેરક ઘટના છે. કવિ શંભુદાનજી અયાચી વ્રજભાષા પાઠશાળાના છેલ્લા આચાર્ય હતા. પશ્ચિમ ભારતમાં ખૂણે ખૂણે આ સંસ્થાની ખ્યાતિ પ્રસરેલી હતી. દૂર સુદૂરથી વિદ્યાપ્રાપ્તિ માટે સરસ્વતીના ઉપાસકો અહીં આવતા હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના મહાન ભક્ત અને મોટા ગજાના કવિ બ્રહ્માનંદસ્વામી ભૂજની આ પાઠશાળામાંજ શિક્ષા દિક્ષા પામ્યા હતા. ખાણ- રાજસ્થાનથી લાડુદાનજી આટલે દૂર કચ્છમાં આવ્યા અને કાવ્યતત્વના પાઠ શીખ્યા તે દર્શાવે છે કે આ સંસ્થાના આકર્ષણથી અનેક પ્રદેશ – ભાષા કે પરંપરામાં જીવન ગાળતા મરમી લોકો માટે વિદ્યાના ધામ જેવી આ પાઠશાળા હશે. લાડુદાનજી સહજાનંદ સ્વામીના પારસમણી સ્પર્શથી બ્રહ્માનંદસ્વામી બન્યા અને એક તેજસ્વી તારકની જેમ આજે પણ તેમના કાવ્યો થકી જીવંત છે અને ઝળહળે છે.

સૌજન્યશીલ તથા સંસ્કારમૂર્તિ સમાન કવિ શંભુદાનજીનું વિશેષ સ્મરણ ડીસેમ્બર માસમાં આવતી તેમની પુણ્યતિથિને કારણે સ્વાભાવિક રીતે થાય છે. દુલેરાય કારાણી તથા શંભુદાનજી અયાચીના ઉલ્લેખ સિવાય કચ્છનો સાહિત્યિક ઈતિહાસ પૂરો થઈ શકે નહિ. એક ભાતીગળ પરંપરાના શંભુદાનજી અયાચી છેલ્લા પરંતુ ઉજળા મણકા સમાન હતા. પાઠશાળાના છેલ્લા આચાર્ય કવિરાજ શંભુદાનજીએ એક ઐતિહાસિક કાર્ય સંપન્ન કરેલું છે. શ્રી દુલેરાય કારાણીના મતે કેટલીક વિશિષ્ટ બાબતોનું ઉપયોગી તથા અર્થપૂર્ણ દસ્તાવેજીકરણ 'કચ્છદર્શન'ના માધ્યમથી થયું છે.

કચ્છ દર્શન એ અરા અર્થમાં આત્મકથન, સમાજકથન તેમજ ઈતિહાસ કથનનો ત્રિવેણી સંગમ છે તેવું પ્રાધ્યાપક બળવંતભાઈ જાનીનું અવલોકન યથાર્થ છે. રાજવીઓની ભાતીગળ પરંપરા કે જેનું દર્શન કવિએ કર્યું છે તેના સહભાગી આપણે સૌ ગ્રંથના માધ્યમથી થઈ શકીએ વીએ. રાવ શ્રી લખપતજી (ઈ.સ. ૧૭૧૦) ની દીર્ઘદ્રષ્ટિને કારણે વ્રજભાષા પાઠશાળાનો જન્મ થયો. દેશળજી જેવા સમર્થ રાજવી તેમજ રાજ્યકવિ હમીરજી રત્નુ જેવા વિદ્વતજનની ઝીણી નજર હેઠળ આ વ્રજભાષા પાઠશાળાનું માળખું ગોઠવાયું. લગભગ બે સદી સુધી આ સંસ્થાએ કાર્યરત રહીને કવિઓના નિર્માણની એક મહત્વની ભૂમિકા ભજવી. સૌજન્યની મૂર્તિ સમાન શંભુદાનજી અયાચીની પૂણ્ય સ્મૃતિ થતાંજ આવા અનેક મીઠા સંભારણા મનને પ્રસન્નતાથી ભરી દે છે.

દેશ આઝાદ થયો તે ગાળામાં ભૂજની આ પાઠશાળા બંધ કરવામાં આવી. આમ થવાથી એક ગૌરવશાળી શિક્ષણ વ્યવસ્થા બંધ પડી. કોઈક રીતે સાહિત્યના આ અમૂલ્ય વારસાને જાળવે તથા તેનું સંવર્ધન કરે તેવી વ્યવસ્થા ફરી ઊભી કરવા માટે અનેક લોકો પ્રયત્નશીલ હતા. સદભાગ્યે શંભુદાનજી અયાચીની જન્મ શતાબ્દીની સ્મૃતિમાં થયેલા ૨૦૧૦ના એક કાર્યક્રમમાંજ આ વાતને વેગ મળ્યો. પરિણામે રાજય સરકારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સહયોગથી '' શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર ''ની સ્થાપના કરી. દરેક પ્રજા તથા પ્રદેશને પોતાનું આગવું સાહિત્ય હોય છે. સમાજને પોતાના વારસાનું દર્શન આ સાહિત્યના માધ્યમથી થાય છે. આથીજ સમાજના તેમજ રાજયના સમર્થન થકીજ આવું સાહિત્ય રહી શકે છે.

આમતો કચ્છ પ્રદેશ જેટલો વિશાળ છે તેટલુંજ ઊંડાણ તેના ઈતિહાસમાં પડેલું છે. દુલેરાય કારાણી, રામસિંહજી રાઠોડ કે શંભુદાનજી અયાચીએ ઈતિહાસના આ મહાસાગરના તળિયા તપાસી તેમાંથી રત્નોની ભાળ મેળવી છે. શંભુદાનજીનું કચ્છ દર્શન એ આધુનિક કાળમાં બનેલી યશોદાયી તથા ચિરંજીવી ઘટના છે. ભૂજ નગર તથા ભુજિયા ગઢનો ઈતિહાસ માણવા જેવો છે.

ભુજિયે ઉપર ગઢ ભુજે
શહર પાસ ગઢ સોય,
સુરપત રે ગઢ સારિખા
દેશળ રે ગઢ દોય.

ગાંધી 'સરદાર'ની નોખી-નોખી વાતો

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

નહેરુ અને સરદાર વચ્ચે કેવા સંબંધ હતા અથવા તો સરદારે મતભેદ હોય તો પણ કેવી રીતે કામ કરતા એનું એક સરસ મજાનું દૃષ્ટાંત નારાયણ દેસાઈએ આપ્યું છે તેઓ લખે છે નહેરુ અને સરદાર વચ્ચે 'લિયાકત પેક્ટ' અંગે મતભેદ હતા. આ કરારથી છંછેડાઈને જ શ્યામાપ્રસાદ મુખર્જીએ કેન્દ્રીય પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું હતું. બંગાળમાં એ કરાર સામે વિરોધ વંટોળ જાગ્યો હતો. થોડા સમય પહેલા જ સરદાર પર હૃદયરોગનો જબરો હુમલો થઈ ચૂક્યો હતો. તેઓ આરામ કરતા હતા એવામાં નહેરુ એક દિવસ તેમની ખબર અંતર પૂછવા આવ્યા હતા. અને બંગાળના વિરોધ સંદર્ભે તેમને સરદારને વિનંતી કરી કે 'તમે બંગાળ જઈ આવો.' સરદારની તબિયત જોતા બંગાળ જવું તેમના માટે અશક્ય હતું. ઉપરાંત સરદારને ખુદને પણ લિયાકત કરાર સામે નહેરુ સામે વિરોધ હતો. એટલે સરદારે નહેરુને કહ્યું તમે જ જાઓ છો ! એના જવાબમાં નહેરુએ કહ્યું કે 'હું જો અત્યારે ત્યાં જાઉં તો લોકો મારી ઉપર પથરા જ ફેંકે' - બસ એટલા એક વાક્યે સરદાર બંગાળ જવા તૈયાર થઈ ગયા. નાજુક તબિયતે બંગાળ જઈને તેમણે કુનેહથી કામ લીધું અને આખા બંગાળની પ્રજાને કરારને અનુકૂળ બનાવી. દરેક જગ્યાએ સરદાર એમ સમજાવતા કે કરાર આપણા વડાપ્રધાને કર્યો છે એ આપણા દેશ વતી જ કર્યો ગણાય. માટે આપણે તેને માન આપવું જોઈએ. સરદારના શિસ્તમાં આટલી ઉદારતા હતી.

શિસ્ત માટે જાણીતા સરદારની બીજી ખૂબી તેમનું હાજરજવાબીપણું પણ હતું. નાનપણથી માંડીને ઠેઠ મરણ સુધી એમનામાં આ ગુણ વર્તાતો હતો. નારાયણભાઈ આ જગજાહેર હાજરજવાબી પણાં પાછળનું મૂળ કારણ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાને ગણાવે એછે. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધામાંથી એમનો આત્મવિશ્વાસ પેદા થતો હતો. અને તેમાં જયારે ખાંડાની ધાર જેવી તીક્ષ્ણ બુદ્ધિ ભળતી ત્યારે તેમાંથી સરદારની પ્રત્યુત્પન્નમતિ (પ્રતિ ઉત્તરની ઉત્પત્તિ) આ પ્રત્યુત્પન્નમતિએ એકથી વધુ વાર ભારત દેશને સંકટમાંથી ઉગાર્યો હતો. જમ્મુ કાશ્મીરનો એક દાખલો તો સ્પષ્ટ છે. શ્રીનગર પર પાકિસ્તાનની ચડાઈ વખતે સરદાર પોતે એરપોર્ટ પર પહોંચી ગયા હતા. જમ્મુ-કાશ્મીર સ્ટેટના રાજવીએ જયારે કાશ્મીરનું જોડાણ ખત મોકલાવ્યું ત્યારે તેમણે એરપોર્ટથી સીધા શ્રીનગર તરફ વિમાનો રવાના ન કર્યા હોત તો કાશ્મીરનો આટલો ભાગ પણ ભારત સાથે ન રહ્યો હોત એ સમજવા જેવી વાત છે.

ગાંધીજીએ એકવાર કહ્યું હતું જો મારી પાસે હાસ્ય ના હોત તો ઘણા વર્ષો પહેલાં મેં આપઘાત કરી લીધો હોત !

ગાંધી અને સરદારના મનમેળમાં બંનેની વિનોદવૃત્તિ પણ એટલી જ મહત્ત્વની હતી જેટલા તેમના નૈતિક મૂલ્યો હતા. એકવાર ગાંધીજીએ કહ્યું હતું, 'જો મારી પાસે હાસ્ય ના હોત તો ઘણાં વર્ષો પહેલાં મેં આત્મહત્યા કરી લીધી હોત.' - સરદારે આવું કશું કહ્યું હોત કે આત્મહત્યાનો વિચાર કર્યો હોત એવી વાત આ લેખકના ધ્યાનમાં નથી આવી. સરદારે તો મોટા ભાગની જીંદગી જીવનસાથી વિના પસાર કરી હતી. પહેલા વકીલાત અને પછી આઝાદીની જંગને જ પોતાની જાત સમર્પિત કરી દીધી હતી. અડીખમ સરદારના વ્યક્તિત્વમાં એમની ભારોભાર હાસ્યવૃત્તિ પણ એટલી જ પ્રભાવક હતી. નારાયણભાઈ લખે છે સરદારનો વિનોદ એમની આંતરિક પ્રસન્નતામાંથી સ્ફૂરતો. અલબત એ કોઈવાર સામાને દઝાડે તેવો આકરો પણ થઈ જતો. કદાચ વકીલાતના જમાનાના એ સંસ્કાર હશે. પરંતુ કઠોર ગણાતા સરદારના હૃદયમાં જો વિનોદ અને હાસ્યરસના ઝરણાં ન હોત તો જીવનની આટઆટલી આકરી કસોટીમાંથી પાર ન ઉતર્યા હોત. મહાદેવભાઈની ડાયરીના અનેક પાનાઓ સરદારની હાસ્ય વિનોદની ક્ષણોના દસ્તાવેજ છે. એક પ્રસંગ એવો છે કે એક વાર કોઈ પુસ્તકના એક પ્રકરણનું મથાળું જોયું. 'બ્રિટીશ બાઈબલ' નામના આ પ્રકરણ વિશે ગાંધીજીએ પૂછ્યું : 'બ્રિટીસ બાઈબલ એ વળી કેવું ?' બાઈબલ તો સૌનું હોય, બાઈબલ એક હોય !' સરદારે તરત કહ્યું, 'બ્રિટીશ બાઈબલ એટલે પાઉન્ડ, શિલિંગ, પેન્સ !' અને ખરેખર જ પ્રકરણ વાંચતા માલૂમ થયું કે એ અર્થમાં જ આ શબ્દ વપરાયો હતો !

આવી જ રીતે મહાદેવભાઈએ 'રચનાત્મક ગફલત' શબ્દનો ઉલ્લેખ જોયો. અને એમને સવાલ કર્યો. રચનાત્મક ગફલત વળી કેવી હોય ? સરદારે ટચ લઈને જવાબ આપ્યો, કેમ વળી ? આજે તમે દાળ બનાવી હતી - તેવી - દાઝેલી દાળ જેવી!'

સરદારના વ્યક્તિત્વની એક બીજી વિશેષના એ પણ હતી કે માણસને તેઓ બહુ ઝડપથી પારખી જતા હતા. સરદારનો આ પારખું ગુણ અને વહીવટ અને સંગઠનની બાબતમાં 'સરદાર' બનાવતો હતો. યાદ રાખવા જેવું છે કે સરદાર પોતે જાતે સરદાર બન્યા ન હતા એમના સ્વભાવની ખાસિયત અને એમને ભાગે આવેલા કામ સિફતપૂર્વક લોકને જોડીને સફળ બનાવ્યા હતા એટલા માટે હતા. સામાન્ય રીતે સરદાર તેમના સાથીઓની નબળાઈ પારખી જતા હતા. હા, કોઈવાર જો કોઈ સરદાર અજાણ છે એવું માનીને વર્તતા હોય તો સરદાર એને આગળ વધતા રોકીને તેમને ઉઘાડા પાડતા હતા. ડૉ. ખરે. નરીમાન અને નેતાજી સુભાષચંદ્ર બોઝને સરદારની બાબતમાં આવો અનુભવ (કડવો) રહ્યો હતો.

દેશની સુરક્ષાનું મહત્ત્વનું કાળ સંભાળતા સરદાર પાસે તમામ માહિતી રહેતી હતી. દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે દેશભરના વિવિધ પ્રદેશોમાંથી લોકો તેમને મળતા આવતા હતા. અને વાતચીત કરતા હતા એ સમયે પણ સરદાર પાસે સામેની વ્યક્તિ કરતાં વધુ માહિતી હોય એવું બનતું હતું.

'સરદાર' આવી ઘણી બધી બાબતોના કારણે સરદાર હતા. ગાંધીના ય 'સરદાર'નું વધુ વાતો આવતા અંકે.

(સંદર્ભ : મને કેમ વીસરે રે : લેખક : નારાયણ દેસાઈ, નવજીવન પ્રકાશન)